| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK0100506525 | | દાખલ તારીખ | ૩૧/૦૩/૨૦૨૫ | | |
| | | નોંધ્યા તારીખ | ૩૧/૦૩/૨૦૨૫ | | |
| | | નિર્ણય તારીખ | ૧૪/૦૩/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૧૧ | ૧૭ |

બનાસકાંઠા જિલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ
શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટમાં,
મુકામ : પાલનપુર

ક્રિમિનલ અપીલ નં. ૨૭૬/૨૦૨૫

આંક :

| | | |
|---|---|---|
| એપેલેન્ટ<br>મુળ આરોપી | : | પોપટજી રવાજી ખેતકી<br>ઉ.વ.આ. ૪૧, ધંધો - મજુરી,<br>રહે. મુ.પો. જેથી, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા |
| | -: વિ રુ ધ્ધ :- | |
| રીસ્પોન્ડન્ટસ | ૧. | શ્રી સરકાર |
| | ૨. | ચોલા મંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ કંપની લી વતી તેના લીગલ ઓફીસર ધવલ હરેશચંદ્ર ઠાકર<br>ઉ.વ. ૩૦, ધંધો - નોકરી,<br>બ્રાન્ચ ઓફીસ - ૩૯ થી ૪૨, બીજો માળ,<br>શ્રી આર્કેડ, આબુરોડ હાઇવે, પાલનપુર. |

| | |
|---|---|
| **અરજ** :- | બી.એન.એસ.એસ.ની કલમ–૪૧૫(૩) અન્વયે પાલનપુરના મહે. છઠ્ઠા એડી ચીફ જયુડી.મેજી. શ્રીએ ક્રિમિમિનલ કેસ નં. ૧૭૯૭/૨૦૨૪ ના કામે તા. ૧/૦૭/૨૦૨૫ ના રોજ કરેલ સજાના હુકમ સામે અપીલ. |

અરજદાર તર્ફે : વિ.વ. શ્રી કે.જે.ગઢવી
સામાવાળા નં. ૧ તરફે વિ. એ.પી.પી.શ્રી ડી.એચ. છાપીયા
સામાવાળા નં. ૨ તરફે વિ. વ.શ્રી એન.પી. ઠકકર

-: ઠ રા વ :-

(૧) હાલની અપીલ એપેલેનટ ધ્વારા વિ. છઠ્ઠા એડી. ચીફ

જયુડી.મેજી. પાલનપુર નાઓ ધ્વારા ફોજદારી કેસ નં. ૧૭૯૭/૨૦૨૪ ના કામે કરેલ સજા અને વળતર સંબંધી કરેલ હુકમ સામે દાખલ કરવામાં આવેલ છે. જે કામે અગાઉ અત્રેની કોર્ટ ધ્વારા સજાની અમલવારી અપીલ ચાલતાં દરમ્યાન મોકુફ રાખવામાં આવેલ છે. સાથોસાથ આરોપીને અપીલ ચાલતાં સમય સુધી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે. હાલના કામમાં તકરારી ચેકની લ્હેણી રકમ મુળ આરોપીએ મુળ ફરિયાદીને ચુકવી દીધેલ હોઇ અને તે રીતે બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય, જેથી અાંક-૧૩ થી સંયુકત સમાધાન પુરશીસ રજુ થયેલ છે અને તે મુજબ આરોપીને ફરમાવેલ સજા અને વળતરનો હુકમ રદ કરવા માટેની હકિકતો દર્શાવતી એટલે કે સજા સેટેસાઇડ કરવા બાબતની હકિકત સમાવીષ્ટ થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.

(૨) હાલના કામમાં ઉપરોકત અરજીના આધારે પક્ષકારો વચ્ચે સમાધમાન થઇ ગયેલ છે, તે એક નિર્વિવાદ હકીકત છે. વધુમાં, સી.આર.પી.સી. કલમ-૩૨૦ તથા નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૭ મુજબ આવી ફરિયાદો કોઇપણ તબકકે સમાધાનપાત્ર છે. હાલના કામમાં આ તબકકે ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૪૭ વંચાણે લેવી ખુબજ જરુરી છે, જે નીચે મુજબ છે.

> *“it is amended provision which came into effect from 6th February 2003 and provided that notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973,*

*every offence punishable under Negotiable Instruments Act would be compoundable. As regarding it can be said that non-obstinate clause, it given overriding effect over the Code and in view of the clear*

*mandate given to the parties, the offence U/s. 138 of Negotiable Instruments Act has been made compoundable.*

(૩) વધુમાં, હાલના કામમાં આ તબકકે *K.M.Ibrahim V/s. K.P. Mohmmed and Anr., reported in 2010(2) GLR 1049,* નો ચુકાદો ધ્યાનમાં લેવો જરુરી છે. જેમાં મુખ્યત્વે પેરા નં.૧૨ માં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"it is true that the application under Sec. 147 of the Negotiable Instruments Act was made by the parties after the proceedings and had been concluded before the Appellate Forum. However, Sec.147 of the aforesaid Act does not bar the parties from compounding an offence under Sec. 138 even at the appellate stage of the proceedings. So, there is no reason to reject the application under under Sec. 147 of

the aforesaid Act even in the proceeding under Art. 136 of the constitution.”

(૪) ઉપરોકત ચુકાદામાં આરોપીને તકશિરવાન ઠરાવવામાં આવેલ અને તે તકશિરવાન ઠરાવતો હુકમ એપેલેન્ટ કોર્ટે કાયમ રાખેલ. ત્યારબાદ નામદાર હાઇકોર્ટ સમક્ષ મુળ આરોપીએ રીવીઝન ફાઇન કરેલ, જે રીવીઝન નામદાર હાઇકોર્ટે રીજેકટ કરેલ. તે હુકમ નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ ચેલેન્જ થયેલ અને નામદાર સર્વોચ્ચ અદાલતે તેમાં સમાધાન આંશીક મંજુર રાખેલ. આ તબકકે ઉપરોકત ચુકાદા ઉપરાંત હાલના ઇસ્યુ માટે નીચેના કેસ લો ધ્યાને લેવા જરુરી છે.

(1) Anil Kumar Haritwal V/s. Alka Gipta 2004(4) SCC 366;

(2) B.C. Seshadri V/s. B. N. Suryanaranyana Rao, 2004(11) SCC 353 decided by a three Judge Bench;

(3) G.Sivarajan V/s. Little Flower Kuries & Enterprises Ltd.,2004(11) SCC 400;

(4) Kishore Kumar V/s. J. K. Corporation Ltd., 2004(13) SCC 494;

(5) Sailesh Shyam Parsekar V/s. Baban 2005 (4) SCC 162;

(6) K. Gyansagar V/s. Ganesh Gupta, 2005 (7) SCC 54;

(7) K.J.B.L. Rama Reddy V/s. Annapuna Seeds,2005(10) SCC 632;

(8) Sayeed Ishaque Menon V/s. Ansari Naseer Ahmed, 2005(12) SCC 140;

(9) Vinay Devanna Nayak V/s. Ryot Sewa Sahakari Bank Ltd., 2008(2) SCC 305 and

(10) Sudheer Kumar V/s. Mankkandi M. K. Kunhiraman, 2008 (1) KLJ 2003.

(૫) ઉપરોક્ત ચુકાદાઓમાં મુખ્યત્વે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ની ફરિયાદમાં સમાધાનના કારણે સજા સેટેસાઇડ ન થઇ શકે તેવું ઠરાવેલ, પરંતુ ત્યારબાદ _Vinay Devanna Nayak (2008(2) SCC 305)_ માં નામદાર સર્વોચ્ચ અદાલતે સી.આર.પી.સી. કલમ-૩૨૦ તથા લાગતો વળગતો ચુકાદો ધ્યાને લઇ પ્રસ્થાપિત કરેલ કે, જ્યારે બંને પક્ષકારો વચ્ચે તકરારનો અંત આવી ગયેલ હોય અને સમાધાન થયેલ હોય અને ફરિયાદીને ચેકની તમામ રકમ મળી ગયેલ હોય તેવા સંજોગોમાં આવી અપિલ મંજુર કરવી જોઇએ અને સાથોસાથ આરોપીને સજાનો હુકમ રદ કરવો જોઇએ.

(૬) આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો મુજબ પક્ષકારો વચ્ચે સુખરુપ સમાધાન થયેલ હોય અને ચેકની રકમ મળી ગયેલ હોય ત્યારે સજાનો હુકમ સેટેસાઇડ થઇ શકે અને આરોપીને તહોમત સબબ છોડી મુકવો જોઇએ તે પ્રકારની કાયદાની પરિસ્થિતી છે.

(૭) હાલના કામે એ હકીકત પણ લક્ષમાં લેવી જરુરી છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતે _Damodaedas S. Prabhu v/s saiyad_

*Babalal 2010(3) G.L.R. 2024* માં નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચે એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, પક્ષકારોએ સમાધાન અપીલના તબકકે કર્યુ તે બદલ તેમને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમાં નાણાં જમા કરાવવા હુકમ કરી શકાય, પરંતુ એપેલેન્ટની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતાં, તેમજ ફરિયાદીએ પણ ચેકની રકમ માટે એપેલેન્ટની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઇ સમાધાન કરેલ હોવાથી નામદાર સુપ્રિમકોર્ટના મધ્યપ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથો. વિ. પ્રતિક જૈન ૨૦૧૪(૧૦), એસ.સી.સી. ૬૯૦ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત કે લોક અદાલત માટે છે, પરંતુ એપેલેન્ટની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતાં, તે ચુકાદાનું હાર્દ હાલના કેસમાં લાગુ પાડવું યોગ્ય જણાય છે, અને તેને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમાં નાણાં જમા કરાવવામાંથી મુકતી આપવી યોગ્ય જણાય છે. હાલની અપીલ લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) આ કામના પક્ષકારો તરફે રજુ થયેલ આંક-૧૩ ની સંયુકત સમાધાન પુરશીશ આધારે હાલની અપીલ સમાધાનથી ફેંસલ કરી, વિ. છઠ્ઠા એડી. ચીફ જયુડી.મેજી. શ્રી, પાલનપુરનાઓ ધ્વારા ફોજદારી કેસ નંબર - ૧૭૯૭/૨૦૨૪ ના કામે તા. ૧/૦૭/૨૦૨૫ ના રોજ એપેલેન્ટ/આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે ફરમાવેલ કેદની સજા તથા વળતરનો કરેલ સમગ્ર હુકમ આથી રદ્દ કરવામાં આવે છે અને એપેલેનટને આ ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

(૨) આરોપી ધ્વારા અપીલ દાખલ કરતી વખતે જો કોઇ રકમ ભરવામાં આવેલ હોય તો તે રકમ રીસ્પોન્ડન્ટ નં. ૨/મુળ ફરિયાદીને એકાઉન્ટ પેઇ ચેક ધ્વારા પરત કરવી.

(૩) હુકમની જાણ તથા અમલવારી સારુ વિ. સંબંધીત કોર્ટને યાદી કરવી તથા વિ. ટ્રાયલ કોર્ટનું તમામ રેકર્ડ પરત મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા. ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

(અમિત જે. કાનાણી)
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર
(કોડ નં.જી.જે.૦૦૬૬૨)